# માનવ તસ્કરી અને શોષણ અંગેની માહિતી આપતી માગર્દશિર્કા

## માનવ તસ્કરી શું છે ?

માનવ તસ્કરી ત્યારે બને છે જયારે એક વ્યક્તિ કોઈ અન્યના લાભ માટે શર્મિક કે જાતિય સુખ પુરા પાડવા માટે બીજી વ્યક્તિનો ચતુરાઈપૂવર્ક ઉપયોગ કરે છે અથવા તેને કાબુમાં લે છે. મીનેસોટાનાં કાયદા હેઠળ, માનવ તસ્કરી કોઇ પણ માધ્યમ દ્વારા થઇ શકે છે. ફેડરલ કાયદા હેઠળ, તસ્કરી કે હેરાફેરી માટે બળ, છેતરપીડી, કે ધંધાદારી જાતીય કામો કરવા માટે ભોગ બનનારને ફરજ પાડવા માટે બળ જબરીના ઉપયોગની જરૂર પડે છે. માનવ તસ્કરીનો ભોગ બનનારાઓ વિવિધ કારણોના કારણે તેમની સ્થિતિને છોડવા સક્ષમ હોતા નથી.

**તેમનો ભોગ બનનારાઓને નિયંતિર્ત કરવા માટે, માનવ તસ્કરો નીચેના સહિતની અસીમિત અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરી શકે છે :**

- ધમકી
- બળજબરી અને ધમકીઓ
- અત્યાચાર (ભાવનાત્મક, શારીરિક, જાતિય)
- અળગાપણું
- ઇનકાર કરવો, દોષારોપણ કરવું અને તુચ્છ ગણવું
- વિશેષાધિકાર અને ચડિયાતાપણું
- આથિર્ક અત્યાચાર
- ભોગ બનનારના પરિવાર પર્ત્યે ઉપકારનો ભાવ
- દસ્તાવેજો રોકી રાખવા

***કોઈ જ એકલો સંકેત નિશ્ચિતપણે માનવ તસ્કરીની ઓળખ આપી શકતો નથી. સૌથી વધુ મહત્વની બાબત એક અથવા વધુ લોકો ઉપર માનવ હેરાફેરી કરનાર દ્વારા ઉપયોગમાં લેવાતી નિયંતર્ણની રીતની તપાસ કરવાની છે.***

## શોષણ શું છે ?

શોષણ ત્યારે ઉદ્ભવે છે જ્યારે એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે તેના કામમાંથી લાભ મેળવવા માટે અન્યાયપૂણર્ વ્યવહાર કરે છે. શોષણ કરનાર તાકાત ધરાવનાર હોવા સાથે, શોષણ કરનાર અને ભોગ બનનાર વચ્ચે એક અસમાન સતાની ગતિશીલતા છે. સંપૂણર્ સ્વતંતર્તા અને માનવ તસ્કરી વચ્ચે શોષણને એક વચ્ચે રહેલા કારણ તરીકે જોઇ શકાય છે. આ પરિસ્થિતિઓ સામાન્ય કારણ ધરાવનારી હોઈ શકે છે અને વ્યક્તિઓ જુદા જુદા સમયે સ્વતંતર્તા અને હેરાફેરી વચ્ચે જુદા જુદા સ્થાનોનો અનુભવ કરી શકે છે.

ધંધાદારી જાતિય શોષણ ત્યારે બને છે જયારે કોઇક વ્યક્તિ મૂલ્ય ધરાવતી કોઈપણ વસ્તુ અથવા મૂલ્ય ધરાવતી કોઇ વસ્તુનું એક વચન જેવા કે રૂપિયા, દવાઓ, ભોજન, આશરો, ભાડું, અથવા સામુહિક કે જૂથમાં ઉચ્ચ સ્થિતિનાં બદલામાં જાતિય સુખ આપે છે. મજૂરનું શોષણ એ કામદારોને અન્યાયી શર્મિક કામકાજોને આધીન મુકવાની બાબત છે અને મજૂરી માટે ચુકવણી કરવાનો ઇનકાર કરવાનો કે મજૂરી માટે ઓછું વેતન મેળવવાનો અથવા વેતનની ચોરી (ઓવર ટાઈમ સહિતના કાયદેસરના કે કરારી વચન અપાયેલા વેતનોને રોકી રાખવા) નો સમાવેશ કરે છે.

## હેરાફેરી કરનારાઓ અને ખરીદારો કોણ હોય છે ?

કોઈપણ ઉંમર, કુળ, વંશ કે લીંગની કોઇપણ વ્યક્તિ હેરાફેરી કરનારી બની શકે છે. હેરાફેરી કરનાર પરિવારનો એક સભ્ય અથવા નજીકનો મિતર્ કે પુરુષમિતર્, સ્તરી મિતર્ કે પતિ કે પત્ની પણ હોઈ શકે છે.

હેરાફેરી કરનારાઓ માફક, ખરીદી કરનારાઓ કોઈપણ ઉંમર, કુળ, વંશ કે લિંગનાં હોઈ શકે છે. તેઓ શહેરી, ગરામિણ અને સ્થાનિક સમુદાયોમાંથી આવે છે. ખરીદારો જાતીય સુખની ખરીદી કરવા માટે ઈન્ટરનેટ, રૂબરૂ વિનંતી, અને મૌખિક પર્ચારના નેટવકર્નો ઉપયોગ કરે છે.

## ભોગ બનનારાઓ કોણ હોય છે ?

કોઈપણ વ્યક્તિ માનવ તસ્કરીનો ભોગ બની શકે છે. ભોગ બનનારાઓ/અનુજીવીઓ દરેક પૃષ્ઠભૂમિ, કુળ, લીંગ, જાતીય અભિમુખતા, નાગરિકતાની સ્થિતિ, અને આથિર્ક સ્થિતિમાંથી આવે છે.

હેરાફેરી કરનારાઓ એવી વ્યક્તિઓને લક્ષ્ય બનાવે છે જેઓ કોઈપણ કારણોસર હેરાફેરી કરનારી વ્યક્તિઓની ચાલાકી અને નિયંતર્ણ સામે નિબર્ળ હોય છે. સમુદાયોની સામાજિક સ્થિતિઓ જેવી કે ઊંચી બેકારીના દરો અથવા સંશાધનોનો અભાવ હેરાફેરી કરનારાઓ માટે ભોગ બનનારાઓને લક્ષ્ય બનાવવાનું વધુ સરળ બનાવે છે. એવી સ્થિતિઓ કે જે હેરાફેરીના જોખમને વધારે છે તેમાં સમાવેશ થાય છે :

- ગરીબાઈ
- બેરોજગારી
- જાતિય અભિમુખતા અને લૈંગિક ઓળખ
- ઉંમર - બાળકો, યુવા વગર્, પરૌઢ વ્યક્તિ
- દેશાગમનની સ્થિતિ
- જાતીય લઘુમતિ
- અત્યાચારનો ઈતિહાસ
- રાસાયણ પરાવલંબન
- અશક્તતાની સ્થિતિ
- ઘર વિનાની સ્થિતિ

## માનવ તસ્કરી અંગે મારે કેવી રીતે વાત કરવી જોઈએ ?

જે શબ્દોનો આપણે ઉપયોગ કરીએ છીએ તે પરિસ્થિતિ અને અન્યોને આપણે જે રીતે જોઈએ છીએ તેને આકાર આપે છે. શરમ ઘટાડે અને લોકોને સ્વીકૃત હોવાની અનુભૂતિ કરાવે તેવા શબ્દોનો ઉપયોગ કરવો જરૂરી છે જેથી તેઓ શરમ અનુભવ્યા વિના મદદ માટે આગળ આવી શકે છે. સંવેદનશીલ અને ઉચિત શબ્દોનો ઉપયોગ કરો જેવા કે ધંધાદારી રીતે જાતીય રીતે શોષિત, માનવ તસ્કરીનો શિકાર, અનુજીવી, કે કોઈક એવી વ્યક્તિ જેને શોષણ કે હેરાફેરીને આધીન બનાવવામાં આવેલ છે.

## જો મને માનવ તસ્કરીની શંકા જાય તો મારે શું કરવું ?

- તમારા વિસ્તારમાં ઉપલબ્ધ સેવાઓ અંગે વધુ જાણવા માટે તમારા સેફ હાબર્ર પર્ાદેશિક નેવીગેટરનો (Safe Harbor Regional Navigator) (http://www.health.state.mn.us/communities/safeharbor/response/navigators.html) ઉપર સંપકર્ કરો અથવા ડે વન હોટલાઈનનો 1-866-223-1111 ઉપર સંપકર્ કરો.
- બ્યુરો ઓફ કિર્મીનલ એપરીહેન્સન'સ ટીપ ફોમર્ ને સંદિગ્ધ હેરાફેરીની પરીસ્થિતિની જાણ કરો અથવા BCAને 1-877-996-6222 ઉપર કોલ કરો અથવા bca.tips@state.mn.usને ઈમેઈલ કરો.
- તમે અથવા તમે જેને જાણતા હો તેવી કોઈ વ્યક્તિ એકદમ નજીકના જોખમમાં હોય તો 911ને કોલ કરો.

## સંશાધનો

- મીનેસોટા સેફ હાબર્ર (Minnesota Safe Harbor) (https://www.health.state.mn.us/communities/safeharbor/index.html)
- મીનેસોટા ડે વન કર્ાઈસીસ હોટલાઈન - 866-223-1111

SAFE HARBOR

DEPARTMENT OF HEALTH

આ માગર્દશિર્કા ન્યાયિક કાયર્કર્મોની કચેરી, અમેરિકાનો ન્યાયિક વિભાગ ગુનાનો શિકાર બનનાર માટેની કચેરી દ્વારા અપાયેલ, 2016-MU-MU-K153 હેઠળ આરોગ્યના મીનેસોટા વિભાગ દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ માગર્દશિર્કામાં વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયો કે ભલામણો યોગદાન આપનારાઓના છે અને ન્યાય માટેના અમેરિકાના વિભાગની કચેરીની સ્થિતિ કે નીતિઓને અનિવાયર્પણે રજૂ કરતા નથી.

છેલ્લે અદ્યતન કરાયેલ 3/2020